**Research Review** **ISSN : 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Aug 2019, Year - 6 (76)**
**www.researchreviewonline.com** **Paper ID : RRJ000029**

# "સુન્દરમની શ્રેષ્ઠ વાર્તાઓ'માં ગ્રામ જીવન"

ડૉ. તીર્થંકરદાન રતુદાનજી રોહડિયા
વિભાગાધ્યક્ષ ગુજરાતી વિભાગ
આર્ટ્સ & કોમર્સ કોલેજ - બરવાળા

---

**વિષય પ્રવેશ : -**

ગ્રામ્ય સંસ્કૃતિ, ગ્રામ્ય પરિવેશ, ગ્રામ્ય વાતાવરણએ ભારતીય સાહિત્ય અને ભારતીય સમાજ માટે હમેશા આકર્ષણનું થાનક રહ્યું છે. અનેક સાહિત્યકારોએ પોતાના સાહિત્યમાં યથાયોગ્ય સ્થાને ગ્રામ્ય જીવનને સારું એવું મહત્વ આપ્યું છે. કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિએ કહ્યું છે કે "ભારતનો આત્મા ગામડામાં વસે છે" જે સાવ સાચી વાત છે. આજ પણ ૨૧મી સદીમાં લોક સમાજને અને સાહિત્યકારોને ગ્રામ્ય પરિવેશનું ખેચાણ ઓછું નથી થયું. સાચું ભારત જોવા માટે ગામડાઓ ખૂંદવા પડે. પ્રાચીનથી માંડીને આધુનિક યુગના સર્જકોની રચનાઓ તપાસતા માલુમ પડશે કે તેમણે ગ્રામ જીવન, વાતાવરણ, સંસ્કૃતિ અને લોકને ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક સંદર્ભે સ્થાન આપ્યું જ છે. જેનાથી આજ પણ ગામડું, સાહિત્ય અને લોક સમાજમાં ધબકતું રહ્યું છે. આવા જ લબ્ધપ્રતિષ્ઠિત સર્જક એટલે ત્રિભુવનદાસ પુરુષોતમદાસ લુહાર "સુન્દરમ્". તેઓ શ્રીએ ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપમાં પોતાની કલમ ચલાવી છે, તેમનું એક મહત્વનું સ્વરૂપ એટલે તેમની વાર્તાઓ. આ વાર્તાઓમાં "સુન્દરમે" જ્યાં ગ્રામજીવનની વાત કરી છે તેની અહી ચર્ચા કરીશું.

**સુંદરમનું જીવન : -**

ગાંધીયુગના અગ્રીમ હરોળના સાહિત્યકાર એટલે 'સુન્દરમ'. ટૂંકીવાર્તાનાં મર્મસ્પર્શી લેખકનો જન્મ ભરૂચ જીલ્લાના આમોદ તાલુકાના મીયામાતર ગામમાં ૨૩ માર્ચ ૧૯૦૮ના રોજ થયેલો(૧). તેમના પિતા તથા દાદાનો વ્યવસાય લુહારનો અને ધીરધારનો હતો. પોતાના ગામમાં ૭ ધોરણ સુધીનો અભ્યાસ કરીને આમોદ છાત્રાલયમાં ૫ અંગ્રેજી સુધીનો અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૨૫માં મેટ્રીક સમકક્ષ વિનીતની પરિક્ષા પાસ કરી. ઈ.સ. ૧૯૨૯માં ગુજરાત વિધાપીઠમાંથી સ્નાતક થયા. 'સાબરમતી'માં શ્રેષ્ઠ લેખ બદલ ગાંધીજીના હસ્તે 'તારાગૌરી રૌપ્ય ચંદ્રક' મળેલ(૨). આમોદના અભ્યાસ કાળથી તેમની વાંચવાની શરૂઆત થાય છે. લાઈબ્રેરીના બધા પુસ્તકો વાચી નાખે છે, વાંચનની પ્રક્રિયા આજીવન ચાલુ રહે છે. વિધાપીઠમાં 'પંચતંત્ર', 'સાબરમતી' સામાયિકના તંત્રી તરીકે કામ કરેલું. 'દક્ષિણા'નું સંપાદન પણ તેમને શરુ કરેલ(૩).

વિદેશી વસ્તુના વિરોધમાં વિદેશી ચીજોની હોળી કરવામાં આવી ત્યારે પોતાની પ્રિય બેંગ્લોરી ટોપી તેમાં હોમી દીધેલ. ઈ.સ. ૧૯૩૪ સુધી તેઓ સ્વતંત્ર સૈનિક તારીકેજોડાયેલ રહે છે, બે વાર જેલવાસ ભોગવે છે. ઈ.સ. ૧૯૪૦માં શ્રીઅરવિંદના દર્શન કરે છે, ઈ.સ. ૧૯૫૪માં અમદાવાદ છોડીને પોંડીચેરી શ્રીઅરવિંદના આશ્રમમાં કાયમી નિવાસ કર્યો(૪). યોગ દ્વારા સધાતી અનુભૂતિ કવિતાનો વિષય બની, તે મુજબ કવિત્વરીતી બદલાતી ગઈ. સાડા ચાર દાયકા જેટલો સમય તેમણે પૂર્ણયોગના સાધક તરીકે ગાળ્યો. ઈ.સ. ૧૯૪૩માં રણજીતરામ સુવર્ણ ચંદ્રક, ઈ.સ. ૧૯૪૬માં 'અર્વાચીન કવિતા' ગ્રંથ માટે મહીડા પારિતોષિક. ઈ.સ. ૧૯૫૫મા 'યાત્રા' કાવ્ય સંગ્રહ માટે નર્મદા સુવર્ણ ચંદ્રક, ઈ.સ. ૧૯૫૯મ ગુજરાતી સાહિત્ય પરિષદનાં ૨૦મા અધિવેશનના પ્રમુખ અને ઈ.સ. ૧૯૬૯મા ૨૫માં અધિવેશનનું પ્રમુખ પદ તેમણે શોભાવેલ. ઈ.સ. ૧૯૬૮માં 'અવલોકના' માટે સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયેલ(૫). 'સુન્દરમ' તખલ્લુસ તેમણે ગાંધીજીની આત્માકથામાં આવેલ 'બાલા સુન્દરમ' નામના ગીરમીટીયા પરથી પડેલું. ઈ.સ. ૧૯૯૧માં સુંદરમ આપણી વચ્ચે પોતાનો શબ્દ દેહ મુકીને શરીરની માયા સંકેલી લે છે.

**સુંદરમનું કવન : -**

ISSN : 2321- 4708
Aug 2019, Year - 6 (76)
Paper ID : RRJ000029

ગાંધી યુગના સમર્થ સર્જક શ્રી સુંદરમનું સાહિત્ય પણ એટલું જ બળુકું છે. તેઓશ્રીએ ઘણા સ્વરૂપમાં પોતાની કલમ ચલાવી છે. તે બધા સ્વરૂપમાં તેઓ સફળ પણ થયા છે. સુન્દરમે ૨૮ જેટલા કાવ્ય સંગ્રહો આપ્યા છે. સુન્દરમની કવિતાઓના ૭ વિવિધ સંપાદકોએ સંપાદન કર્યા છે. ૪ બાળ કવિતા સંગ્રહ આપ્યાછે. ૫ વાર્તા સંગ્રહ આપણને પ્રાપ્ત થાય છે. સુંદરમની વાર્તાઓના ૪ વિવિધ વિદ્વાનો દ્વારા સંચયો થયા છે. 'પાવકના પંથે' નામક લઘુ નવલ પણ સુન્દરમે આપી છે. સુન્દરમે ૬ નાટ્ય સંગ્રહો આપ્યા છે. સુન્દરમના ચિંતનાત્મક વિષયક ૫ સંગ્રહ પ્રાપ્ત થાય છે. ૩ વિચાર સંપુટ પ્રાપ્ત થાય છે. સુન્દરમ વિષયક વિવિધ વિદ્વાનો દ્વારા વિવિધ ૪ ગ્રંથો પણ સુલભ છે(૬). આમ સુંદરમનું કવન ગુજરાતી સાહિત્યના વેગને વધારે વેગવાન બનાવે છે અને સાથે સાથે એક નવી દીશા પણ ચીંધે છે.

સુંદરમની વાર્તામાં ગામડાની નિષ્ઠુરતાનું આલેખન : -

વાર્તા કલાની દૃષ્ટિએ તેમજ ગ્રામજીવનન આલેખનની દૃષ્ટિએ ધૂમકેતુ, દ્વિરેફ અને સુંદરમની વાર્તાઓ વચ્ચે અમુક પ્રકારનું અનુશંધાન છે. ધૂમકેતુની વાર્તામાં આદર્શ ગામડાનું દર્શન થાય છે. કારણ કે ધૂમકેતુને ગામડા તરફ  વિશેષ પક્ષપાત છે. તે માનતા કે ગામડાનું જીવન સારું અને શહેરનું જીવન ખરાબ. ગુજરાતનું સાચું ગામડું કેટલું નિષ્ઠુર અને ક્રૂર છે તેનું દર્શન સુન્દરમે 'પની' તથા 'માં ને ખોળે' વગેરે વાર્તામાં કરાવ્યું છે. ચુનીલાલ મડિયા "વાર્તા વિમર્શ"માં કહે છે : "ગ્રામજીવનનાં નિરૂપણમાં સુન્દરમ જાણે કે ધૂમકેતુ તરફ પીઠ ફેરવીને બેઠા છે."(૭) 'પની' વાર્તામાં ગામડાની નારી જીવનની કરુણતા અને તેના પતિના વહેમી તથા દારૂડિયા સ્વભાવને લીધે પની જેવી નિર્દોષ નારીની કેવી વલે થાય છે તેની વ્યંગ અને કટાક્ષ પૂર્ણ રજૂઆત સુન્દરમે કરી છે. તો 'માં ને ખોળે' વાર્તામાં ગામડાના એક કામ લોલુપ અને વાસનાંધ સસરાની હાથે બે બે વહુ ભોગ બનીને મરણ પામે છે તેની સુંદર રજૂઆત અહી સર્જકે કરી છે. આ નિતાંત કળામય અને સંઘેડા ઉતાર વાર્તા છે. અહી ગામડાની કુત્સિતતાનું દર્શન આપણને થાય છે(૮).

સુંદરમની વાર્તામાં ગ્રામ સમાજના આનંદ અને અજંપાનું આલેખન : -

જયારે ગામડાની વાર્તા હોય ત્યારે સુંદરમ્ ગ્રામ્ય વાતાવરણ સાહજીકતાથી આલેખી બતાવે છે. 'પુનમડી' વાર્તામાં ગામડાના લોકો, એની રહેણી કરણી, એની નિંદાખોર મનોવૃત્તિ, એની કૃપણતા અને ચિડીયાપણું વગેરે સારી રીતે નિરૂપણ પામ્યા છે. 'ગોપી' વાર્તામાં ગામડાના લગ્નનો ઉત્સવ, લગ્ન વખતે બોલાવતા ઢોલી, લગ્નની નાની મોટી વિધિઓ વખતે ઢોલીઓ સાથે નારી મંડળનું ગમન, ઢોલીનું નૃત્ય, માંડવા મુહુર્ત વખતે ઢોલ અને શરણાઈ વાદન વગેરે વર્ણન  દ્વારા ગ્રામ્ય પરિવેશ આપણી આંખ સામે તરી આવે છે. 'ખોલકી' વાર્તામાં આંગણામાં ખાટલા ઢાળીને બધા બેસે છે. નરભો રાત ચંદનના પતિની પગચંપી કરે છે, પેશાબ કરવા માટે વાડામાં જવાનું, ચંદન કરતા બમણી ઉમરનો તેનો દમિયલ પતિ, ચંદન પાસે લગ્ન પહેલા રાતના પતિનું આવવું તેને કામ વાસનાનું સાધન માની તેને ભોગવવી વગેરે આલેખન ગ્રામ્ય પરિવેશને જીવંત કરે છે. આમ અહી ગામડાની રાત એનો આનંદ અને અજંપાની સ્થિતિનું વર્ણન સુન્દરમે સુપેરે કર્યું છે(૯).

સુન્દરમની વાર્તામાં કજોડા તથા અન્ય બાબતો : -

'ખોલકી', 'પની', અને 'માં ને ખોળે' જેવી વાર્તાઓમાં લાકડે માંકડું વળગાડવાની વાત આવે છે. આ વાર્તાઓમાં કજોડાને હિસાબે કરુણતા સર્જાય છે. ગામડાના લોકો એ કજોડાને જોઈ શકતા નથી. ચંદન બાળ વિધવા છે અને એનો પતિ આધેડ ઉમરનો, બીમાર છે, તે ચંદનને કામવાસનાનું સાધન સમજીને તેની સાથે પરાણે સંભોગ કરે છે. છતાં ગામડાના લોકો આ સંબંધમાં કશું અયોગ્ય જોતા નથી. વહેમ, અજ્ઞાન, અંધશ્રદ્ધા અને જડતા વગેરેથી ગામડું ઘેરાયેલું છે. શબુને એનો સસરો ક્રુરતાથી રહેંસી નાખે છે. ઝીણીયો એની પત્ની પનીને જુગારમાં હારી જાય છે તેથી પની કુવામાં પાડીને આત્મ હત્યા કરે છે. આ ઘટનાઓના મૂળમાં કજોડા અને ગામડાના લોકોની માનસિકતા રહેલી છે(૧૦).

ઉપસંહાર : -

અહી આપણે સુંદરમના જીવન, કવન અને તેમની શ્રેષ્ઠ વાર્તામાં રહેલ ગ્રામ્ય જીવનનો આછો પરિચય મેળવ્યો. સુન્દરમનાં ગામડાનું દર્શન વાસ્તવવાદી છે. મોટા ભાગની કરુણ ઘટનાઓ તેમણે ગામડામાં

બનતી હોય એવું નિરૂપણ કર્યું છે. સુન્દરમે ગામડાને આદર્શલક્ષી કે ભાવનાવાદી દૃષ્ટિએ જોયું નથી. બની શકે આ ઘટનાઓ સુન્દરમે ખુબ નજીક થી જોઈ હોય અને તેનું અહી વાર્તા રૂપે આલેખન કર્યું હોય. સુન્દરમ્ ગામડાની વાર્તાઓમાં વધારે ખીલતા જણાય છે. જો કે સુન્દરમ્ ગામડા તેમજ શહેરની સૃષ્ટિમાં એક સરખી સાહજીકતાથી વિહરે છે.

## સંદર્ભ

(૧) સુન્દરમના ગીતો, સુધા પંડ્યા, પૃ. ૧૫.
(૨) એજન. પૃ. ૨૦.
(૩) સુંદરમની શ્રેષ્ઠ વાર્તાઓ, ચંદ્રકાંત શેઠ, પૃ. ૧૩.
(૪) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ધીરુભાઈ ઠાકર, પૃ. ૩૧૮.
(૫) સુન્દરમના ગીતો, સુધા પંડ્યા, પૃ. ૨૩.
(૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ધીરુભાઈ ઠાકર, પૃ. ૩૨૧.
(૭) વાર્તા વિમર્શ, ચુનીલાલ મડિયા, પૃ. ૭૮.
(૮) સુંદરમની શ્રેષ્ઠ વાર્તાઓ, ચંદ્રકાંત શેઠ, પૃ. ૩૧.
(૯) એજન. પૃ. ૭૦.
(૧૦) એજન. પૃ. ૪૭.